## સલામી સવારની..



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*કાચી નહેરો, પોચા પૂલ, ઢીલા ડેમ બંધાય છે*
*રેતી નાં ધાબાં ને માટીના ફલાયઓવર થાય છે*
*ખાય છે આંખ મીંચી, ઈજનેરો માનવતા ભૂલી*
*આ બધું જ તંત્રની મીલીભગતથી જ થાય છે.*

હાઈકુ

*પિંખાય તંત્ર*
*પંચાયતી બજેટે*
*જૂથનો પંજો...*
*(કોંગી જૂથ બંધી)*

*ભાવિ સત્તાનો,*
*ગોઠવાય કારસો -*
*સંગઠનમાં...*
*(ભાજપ જૂથી બંધી)*

### ચિંતન

**અરોષણો યઃ સમલોષ્ટાશ્મ કાંચનઃ પ્રહીણ શોકો ગત સંધિ વિગ્રહઃ ।**
**નિંદા પ્રશંસો પરતઃ પ્રિયાપ્રિયે ત્યજન્નુદાસીનવદેવ ભિક્ષુકઃ ॥**

વિદુરનીતિના આ શ્લોકમાં સાચા 'ભિક્ષુક' તટસ્થભાવે રહેતા અતિથિના લક્ષણો દર્શાવ્યાં છે :

જેને કોઈ પણ બાબતે કોઈ આપે ન આપે ખૂશ થઈ આપે કે અપમાન કરી કાઢી મૂકે છતાં પણ કોઈ પણ ક્રોધ આવતો નથી.

જે માટી-પથ્થર-સોનું બધાં જ પદાર્થોને એક સમાન સમજે છે કોઈ પદાર્થ-ધાતુ પ્રત્યે તેને પક્ષપાત નથી.

જે શોકરહિત છે કોઈ વાતે તેને સુખ-દુખ કે આઘાત લાગતો નથી.

જેને સંધિ અને વિગ્રહ મળવું - છૂટા પડવું બધા ભાવમાં એણે તાટસ્થ્ય કેળવી લીધું છે.

નિંદા કે પ્રશંસાથી એ વિચલિત થયા વિના સમાનતાથી વર્તે છે.

પ્રિય અને અપ્રિય સામે તે ઉદાસીન છે એ આદર્શ અતિથિ - ભિક્ષુક છે.

### સુવિચાર

- વિનય અપયશનો નાશ કરે છે, પરાક્રમ દુઃખનો નાશ કરે છે, ક્ષમા કોપનો નાશ કરે છે, સદાચાર અપલક્ષણોનો નાશ કરે છે - **વિદૂર**
- જીભનું મૌન પર્યાપ્ત નથી, મનને પણ મૌનની દીક્ષા આપવી જોઈએ - **મહાવીર સ્વામી**
- જેના કોપથી ભય લાગે જેની સાથે મૈત્રી કરતા શંકા થાય એને મિત્ર જાણવો નહીં - **મનુસ્મૃતિ**
- પોતાની જાત પ્રત્યે કડક માણસ ભાગ્યે જ નિષ્ફળ જાય છે - **ઝેન કથન**
- સમાજની વ્યાખ્યા શી? જે સાચી સમજ ધરાવે છે તે સમાજ, બાકીનું ટોળું - **સોક્રેટિસ**
- જેમણે પ્રકાશ તરફ જતા માર્ગમાં એક ડગલું પણ મૂક્યું હશે તેમણે અંધકારના માર્ગમાં ફરી ચાલવું પડશે નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : નાગરવેલના પાનના રસમાં મધ મેળવી બાળકને આફરો અને અપચો મટે છે

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

જે બાળકોમાં માતા-પિતા પ્રત્યે વિનય-નમ્રતા અને ભક્તિભાવ હોય એવાં જ બાળક દેશપ્રેમી-રાષ્ટ્રભક્ત થઈ શકે - બાગકી તો દંભી-છલના જ છે.

બંગાળમા કૃષ્ણદાસપાલ પોતાની 'પેટ્રીઓટ' અખબાર દ્વારા દેશભક્તિ અને રાષ્ટ્રસેવા કરતા હતા. પણ એમની પિતૃભક્તિ પણ એટલી જ પ્રખ્યાત હતી.

એક સવારે, એ દિવસના અખબારના સમાચારના સંદર્ભમાં જ કંઈક ચર્ચા કરવા એક અંગ્રેજ અધિકારી ઘોડા પર બેસી, પાલના બંગલે આવ્યો. પાલના પિતાશ્રી ટૂંકી પોતળી અને ખૂલ્લા પંગ-શરીરે બગીચામાંથી ફૂલ-તુલસી ચૂંટતા હતા. અંગ્રેજ અધિકારી એને ઘરનો કોઈ નોકર સમજી બોલાવ્યા અને કહ્યું, આ ઘોડાની લગામ થોડી વાર પકડી રાખ હું પાલ સાહેબને મળીને આવું છું.

કૃષ્ણચંદ્ર ત્યારે પ્રૂફનું કંઈ કામ જોતા હતા. તરત દોડ્યા અને કહ્યું, સાહેબ! આ મારા વંદનીય પૂજ્ય પિતાશ્રી છે, એને નોકર ન સમજો! લાવો, આપના ઘોડાની લગામ હું પકડી રાખું, અને આપણે અહીં જ વાતચીત કરી લઈએ! અંગ્રેજ અમલદારે ભોંઠપ અનુભવી, પિતાશ્રી અને પાલ સાહેબની ક્ષમા માગી. પાલની પિતૃભક્તિને મનોમન વંદન પણ કર્યા...

## પાકિસ્તાનની ખોટી તરફેણ કરી ચીન પોત પ્રકાશે છે

**તંત્રીસ્થાનેથી...**

આંતરરાષ્ટ્રીય મંચ પર નબળું પડેલું પાકિસ્તાન ચીનની છત્રછાયા મેળવીને ગુનેગાર હોવા છતાં બચી જાય ત્યારે ભારત કેવી વિમાસણ અનુભવતું હશે એ તો મંચ પર ઓબામા સાથે લળી લળીને વાતો કરતા આપણા નરેન્દ્રભાઈને પૂછો તો ખબર પડે. ભારત માટે હરહંમેશ શિરોવેદના બની રહેલ આતંકવાદના મુદ્દે મોદીને ભલે સાર્વત્રિક સમર્થન સાંપડતું હોય, ભલે તેઓ પોતાની વિશિષ્ટ વાક્છટાથી દુનિયા આખીને પ્રભાવિત કરી શકતા હોય અને કયારેક કોઈએ કલ્પ્યું પણ ન હોય એમ અચાનક પાક વડાપ્રધાનના ઘરે પહોંચી જઈ વહાલપનું વાતાવરણ સર્જી લાઈમ લાઈટમાં રહી શકતા હોય, પરંતુ પાકિસ્તાન વિરુદ્ધ વૈશ્વિક ઓપિનિયમ ઊભો કરી એને સીધું કરવાના મિશનમાં ચીને વીટો વાપરીને એમની બાજી ઊંધી વાળી દીધી છે.

વિશ્વસંસ્થાના મંચ પર અમેરિકી પ્રમુખની એક તરફ મોદીને સ્થાન મળ્યું તો બીજી તરફ ચીનના પ્રમુખ જિન પિંગને. અમેરિકા આ દક્ષિણ એશિયાની ઊભરતી મહાસત્તાઓને સાથે રાખીને ચાલવા માગે છે સારી નિશાની છે. પરંતુ ભારતની સરહદો પર બારે માસ લોહી રેડાવતા અને શાંતિને સતત ડહોળતા રહેતા પાકિસ્તાન દ્વારા પાષોતા આતંકવાદીઓ સામે આંતરરાષ્ટ્રીય સ્તરે આકરાં પગલાં લેવાની કોઈની તૈયારી નથી. યુરોપનાં દેશોએ પઠાણકોટ હુમલાના સૂત્રધાર મસૂદ અઝહરને આંતરરાષ્ટ્રીય સ્તરે આકરાં પગલાં લેવાની કોઈની તૈયારી નથી. યુરોપના દેશોએ પઠાણકોટ હુમલાના સૂત્રધાર મસૂદ અઝહરને આંતરરાષ્ટ્રીય આતંકવાદી જાહેર કરવાના ભારતના પ્રસ્તાવને સમર્થન આપ્યું ત્યારે ચીને એની વિશેષ સત્તા ('વીટો') વાપરી એ પ્રસ્તાવ ઉડાવી દીધો. ચીન ભારતની પીઠમાં ખંજર ભોંકવાની એક પણ તક જવા દેતું નથી, છતાં ભારણને કોણ જાણે એવી શી ગરજ છે કે એના નેતાએ માટે લાલ જાજમ બિછાવતા એ હંરહંમેશા તત્પર રહે છે! મોદી સરકારની વિદેશનીતિ ચીન સંદર્ભે સદંતર નિષ્ફળ નીવડી છે એવું નથી લાગતું? ચીન અરૂણાચલ અને લેહ લદ્દાખમાં ગરબડ કર્યા કરે છે, તિબેટને તો એ પં. જવાહરલાલ નહેરુના જમાનાથી ઓહિયાં કરી ચૂક્યું છે જેથી આપણા શ્રદ્ધાળુઓને કૈલાસ માનવસરોવરની ધાર્મિક યાત્રા માટે પણ ચીનની મહેરબાનીની અનિવાર્યતા રહે છે. હવે એ નેપાળને પાંખમાં લઈ ભારત સામે વ્યૂહાત્મક મોરચો માંડવાના કારસા કરી રહ્યું છે. પાકિસ્તાનને તો એણે છેલ્લાં ઘણાં વર્ષોથી એનું ખંડિયું સ્ટેટ બનાવી દીધું છે. પાકિસ્તાનના કબજામાં રહેલા 'આઝાદ' કાશ્મીરમાં ચીને હાઈવે બનાવ્યા છે, લશ્કરી થાણાં નાખ્યા છે. ભારત માટે ચીન-પાકની નાપાક દોસ્તી ખતરાની ઘંડી બની રહી છે, તેમ છતાં આપણે બેઉ દુશ્મન રાષ્ટ્રો સાથે સારા પાડોશી હોવાનો અભિનય કરી લાફા મારીને ગાલ લાલ રાતા રાખવા પડે તે કેવી વિડંબના છે! પઠાણકોટની મુલાકાત લઈ ગયેલી પાકિસ્તાનની જીઆઈટી પણ જૈશ એ મહંમદના વડા અઝહર મસૂદની વિરુદ્ધ આતંકી હુમલા બાબતે કોઈ પુરાવા નહીં હોવાનું જ કહેતી ગઈ છે!

## વૃક્ષોમાં રંગો...



વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

રંગો આસપાસના પર્યાવરણને સુંદર અને આકર્ષક બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તેની સાથે સાથે સમય, સ્થળ, ભાવિ, સંજોગ અને સંદેશાઓની અભિવ્યક્તિ કે પ્રસ્તુતિ પણ કરે છે.

સવાર, બપોર, સાંજના, રંગો અલગ-અલગ હોય છે. ઘાસ, છોડ, વૃક્ષો કે વેલાઓના પર્ણો, થડ, ફૂલ, ફૂલના રંગો અલગ-અલગ હોય છે. વર્ષ દરમિયાનની ઋતુનો ઉનાળો, શિયાળો અને ચોમાસું દરમિયાન પ્રકૃતિના બધા જ તત્વો જુદા-જુદા રંગો ધારણ કરે છે. ઉનાળા કે પાનખરમાં વનસ્પતિ જાણે કે ભેખધારણ કરી લે છે. તેજ વનસ્પતિ ચોમાસામાં લીલા રંગથી રંગાઈ જાય છે. વસંતઋતુ તો રંગોની જ છે. આ ઋતુમાં વનસ્પતિઓ રંગીન ફૂલો ધારણ કરીને જાણે કે રંગોઉત્સવ મનાવે છે. કાચા ફળો અને પાકા ફળો પણ તેમની પરિપક્વતા રંગો થકી વ્યક્ત કરે છે.

વનસ્પતિના પર્ણોની વાત કરીએ તો ઉગતાં-ફૂટતા કુમળા પર્ણો પાછા ચમકતાં લીલા કે લાલ રંગના જોવા મળે છે. પરિકવ પર્ણો ઘાટા ઘેરા લીલા રંગના જોઈ શકાય છે. જયારે આજ પર્ણો પરિપક્વ થાય ત્યારે પીળા રંગના થઈ જાય છે અને ખરી પડે ત્યારે ઘાટા કથ્થાઈ રંગના થઈ જાય છે. પાનખર પ્રકારના વૃક્ષોના પર્ણોનું આયુષ્ય એક વર્ષનું કહી શકાય. પર્ણો વૃક્ષની વાર્ષિક વૃદ્ધત્વની નિશાની છે જેમાં વૃક્ષનું એક પ્રકારનું અંગ ખરી પડે છે.

ઘણાં વૃક્ષોના થડની છાલના રંગ જોઈને વૃક્ષ ઓળખી શકાય. કડાયાનું થડ આખા જંગલમાં બદામી સફેદ રંગને કારણે સરળતા ઓળખી શકાય જયારે ટીમરુના તથા ઉંભવૃક્ષ થડને તેના કાળાશ પડતા થડની છાલના રંગને કારણે ઓળખી શકાય. વૃક્ષોના થડની છાલમાં આપણને કથ્થાઈ રંગના વિવિધ શેડ્સ જોવા મળી શકે છે. તે






જ રીતે કેટલાક વૃક્ષોના થડના હાર્ટવુડ (મધ્યકાષ્ટ)ના રંગ પણ તેની ખાસ ઓળખ બની જાય છે. હલદું નામના વૃક્ષનું મધ્ય કાષ્ટ હળદર જેવા પીળા રંગનું હોય છે તો સીસમનું લાકડું ચમકતાં કાળા કથ્થાઈ રંગના મિશ્રણ જેવું સુંદર લાગે છે. સેવનનું લાકડું કોતરણી માટે તો પ્રચલિત છે જ પણ તેનો આછો બદામી રંગ તેને અધિક સુંદરતા બક્ષે છે. ખેરનું મધ્યકાષ્ટ ઘાટા રક્ત જેવા રંગનું હોય છે. જેમાંથી કાથો બનતો હોઈ પાન-મસાલામાં નાંખીને તેના તુરા સ્વાદ તથા લાલ રંગનો વૈભવ માણવા મળે છે. ચંદનનું લાકડું પણ તેના સફેદ આછા બદામી રંગનો વૈભવ માણવા મળે છે. ચંદનનું લાકડું પણ તેના સફેદ આછા બદામી રંગથી તથા સુગંધથી જાણીતું છે.

વનસ્પતિમાં પર્ણો કે ફૂલોનો રંગ રંગદ્રવ્યોને કારણે હોય છે. લીલો રંગ હરિત કણો (કલોરોફીલ)ને કારણે જોવા મળે છે તે આપણે સહુ જાણીએ છીએ. આ ઉપરાંત કેરોટનોઈડ્ઝ, એન્થોસાયનીન, ફ્લેવોનોઈડ્સ, બેટાલેઈન્સ જેવા રંગદ્રવ્યો પણ વનસ્પતિના અંગોને રંગો પ્રદાન કરે છે. કેરોટીનલઈડ્ઝ પીળો, નારંગી, ગુલાબી, લાલ, કથ્થાઈ રંગ, જયારે એન્થોસાયનનીન અને ફલેવોનોઈડ્સ પીળા, બ્લુ, પર્પલ અને લાલ રંગ પ્રદાન કરે છે. બેટાલેઈન્સ લાલથી જાંબલી અને પીળાથી નારંગી રંગ માટે કારણભૂત બને છે. આ ત્રણેય રંગ દ્રવ્યોમાં કલોરોફીલ મોટાભાગની વનસ્પતિમાં હોય છે. જયારે કેરોટીનોઈટ્સ પર્ણો, ફૂલો અને ફળોના રંગમાં ઉપયોગી બને છે. એન્થોસાયનીન ખુબ જ ઓછી વનસ્પતિઓમાં હોય છે.

૭૫ ટકા જેટલી વનસ્પતિને પરાગનયનની ક્રિયા માટે માખી, પતંગિયા, ફૂદા, પક્ષીઓ અને વાગોળ-ચામાચાડિયા જેવા જીવોની મદદની જરુર પડે છે. તેથી ચમકતા લીલા રંગની ભિન્નતા દર્શાવતાં રંગો તેવા ફૂલોને જોઈ શકવાની સંભાવનાઓ ઊભી કરે છે. જુદી જુદી જાતની માખીઓ ચમકતાં વાદળ કે જાંબલી રંગો પસંદ કરે છે જયારે હમીગબર્ડ, પોપટ, બુલબુલ જેવા પક્ષીઓને લાલ, ગુલાબી, પર્પલ જેવા રંગો આકર્ષિત કરે છે. જયારે પતંગિયાઓને પીળા, કેસરી, ગુલાબી અને લાલ રંગો વધુ પસંદ પડે છે. પરાગનયનની ક્રિયાથી ફળો પ્રાપ્ત થતાં હોઈ તેમાંથી મળતાં બીજના આધારે વનસ્પતિ જગતને નવજીવન મળે છે. આમ રંગો વનસ્પતિ જગતનું અસ્તિત્વ છે તેમ કહીએ તો ખોટું નથી.

## મેન ઓફ ધ મેચ : નો બોલ ...!!!



રઝળપાટ
અજય ઉપાધ્યાય

માર્ચ ૧૫, ૨૦૧૬... અશ્વિન રેડી ટુ બોલ્ડ ફર્સ્ટ ડીલીવરી ઓફ વર્લ્ડ ટી૨૦ - ૨૦૧૬...!!! અશ્વિન તૈયાર .. સામને હૈ ન્યુઝીલેન્ડ કે માર્ટીન ગુપ્ટીલ ...અશ્વિન કી ગેંદ...ઔર ગુપ્ટીલ આગે નિકલે ઔર ગેંદ કો ઉછાલ દિયા હૈ બોલર કે સીર કે ઉપર સે છહ રન કે લિયે ..... વોટ એ સ્ટાર્ટ ઓફ ધ ટુર્નામેન્ટ ...!! સ્ટ્રેટ કલીન હીટ ...! અશ્વિન દુસરી ગેંદ ફેંકને કો તૈયાર ...દૌડે ...ગેંદ કી ...સ્વીપ કરને કે પ્રયાસ મેં ચુકે ગુપ્ટીલ ..ગેંદ પેડ પે આઈ ...અશ્વિન કી અપીલ ઔર થોડી હિચકીચાહટ કે બાદ અમ્પાયર ધર્મસેના કી ઉંગલી ઉઠી ...ગુપ્ટીલ આઉટ ...એલબીડબ્લ્યુ બાય અશ્વિન ..!! ...આ હતો વર્લ્ડ ટી૨૦નો આગાઝ ....પેલી કહેવત છે ને કે આગાઝ યેહ હૈ તો અન્ઝામ ક્યાં હોગા? બસ બિલકુલ એવું જ થયું આખીયે ટુર્નામેન્ટ માં ....જેવો ધમાકેદાર આગાઝ થયો બિલકુલ એ જ ધમાકેદાર ગતિમાં આખીયે ટુર્નામેન્ટ રમાતી રહી ... કભી હીરો કભી ઝીરો ના ન્યાયે હોટ ફેવરીટો રમતા ગયા ... સંઘર્ષ કરતા રહ્યા પણ ક્રિકેટ માટે કહેવાય છે એમ કે જે દિવસે જે ટીમ સારું રમે એનો વિજય થાય એમ ચોક્કસ દિવસે ફેવરીટો ક્યાંક ને ક્યાંક પાછળ પડી ગયા ...ને ફેંકાય ગયા ટુર્નામેન્ટમાંથી... આમાંથી એક ભારતની ટીમ પણ હતી ...!!! ઈન્ડિયા આઉટ ફ્રોમ વર્લ્ડ કપ ...!

ક્રિકેટના ખાટું હોય કે ક્રિકેટના પંડિતો પણ એ હકીકત છે કે ક્રિકેટમાં આગાહી કરવી એટલી ઈઝી નથી હોતી અને એમાયે જ્યારે વાત ૨૦ ઓવર જેવા નાના ફોરમેટની હોય ત્યારે તો ખાસ મુશ્કેલ !!! પ્રીડીકશનોની પાળ પીટાઈ જાય છે આ ૨૦-૨૦ના ફોરમેટમાં ..! કોને વિચાર્યું હતું કે ન્યુઝીલેન્ડ જેવી ટીમ પહેલા જ મેચમાં ભારતને હરાવશે ? ને એ પણ ૪૭ રન જેવા ધરખમ અંતરથી ...! કોઈએ પણ નહિ . આગળ જ જે ટુર્નામેન્ટની પહેલી જ ઓવરની વાત કરી એમાં પણ ગુપ્ટીલ બીજા જ બોલે આઉટ થયો એનો હરખશોક મનાવ્યા વગર અશ્વિનની એ જ ઓવેરના ચોથા જ બોલે મુનરોએ બીજો એક શાનદાર છક્કો ઝૂડી જ કાઢેલો ...! યસ, ધીસ ઈસ ૨૦-૨૦ ક્રિકેટ...! ફટાફટ ક્રિકેટ...! આ ફોરમેટ જ એવું છે કે આમાં બહુ હરખ શોક કે વિચારવા બેસો તો ભેસ જાય પાણીમાં ...! ભલે કોઈ વિશેષજ્ઞ એમ કહે કે આજના દિવસે જે સારું રમે એ જીતે અને આપણને એની વાતમાં બહુ વિશ્વાસ ના બેસતો હોય તો પણ હકીકત એ છે કે ક્રિકેટમાં અને ખાસ કરીને ૨૦-૨૦મા તો એવું જ છે . ઈટ વોઝ નોટ અવર ડે ...!

જો એવું ના હોત તો આજે ભારત ફાઈનલમાં રમતું હોત ને ? પણ ના... કેમકે ૩૧ મી માર્ચ એ હજુ તો ૨૮ માર્ચે ટીમ સાથે જોડાયેલા સિમોન્સનો દિવસ હતો ...! દિવસ જ કહેવાય ને ? નહીતર આટઆટલા જીવતદાન મળે ? અને આમાં મૂળ વાત ભુલાઈ ગઈ કે સીમ્મોન્સને તો મોસાળે જમણનેમાં પીરસનારી જેવું હતું કેમકે એ મુંબઈ ઈન્ડિયન્સમાંથી રમે છે ને વાનખેડેની પીચ, ગ્રાઉન્ડ અને કંડીશનનો બહોળો અનુભવ પણ ધરાવતો હતો . એની વે આપણે કાઈ સેમીનું વિશ્લેષણ નથી કરવું પણ મજા લેવી છે ક્રિકેટની અનિશ્ચિતતાવાળા આ ફોરમેટમાં મળતા આનંદ અને મોજની ...! ક્રિકેટમાં હાર જીત ચાલ્યા કરે અને કોઈ એક ટીમ તો હારવાની જ એ સમતાન સત્યને પકડી રાખીને આગળ વધીએ તો એટલું તો ચોક્કસ કહી શકાય કે ૨૦-૨૦ માં તો જેના કલેજા મજબુત એ જીતે ...! સેમી ની જ વાત લ્યો ને ? રસેલ ક્યારે હવામાં મારે એની રાહ આખી ઈન્ડિયન ટીમ જોતી રહી પણ રસેલ જેનું નામ, હવામાં તો માર્યા પણ એટલા જોશ અને જોરથી કે દડો બાઉન્ડ્રીની ક્યાય ઉપરથી જ નીકળતો રહ્યો ...!!! નો ચાન્સ ફોર એની ફિલ્ડર ...!!


ધોની એન્ડ કુ. નો જ દાખલો લ્યો ને? ન્યુઝીલેન્ડ સામે કરારી હાર પછી આંખો તો ખુલી પણ તોયે સેમી સુધીની લગભગ દરેક મેચ ઓન ધ એજ જ રહી..!!! ભલે ને જીત્યા બધી જ અને જીતવી જ પડે એમ હતી પણ સેમીમાં પહોચ્યા પહેલાની મેચીઝમાં જે લક અને જોશ ફેક્ટર કામ કરતું રહ્યું એ સેમી ફાઈનલમાં ગુમ હતું..!!! ન્યૂઝી સામે હાર્યા પછી કટ્ટર હરીફ પાકિસ્તાન સામેનો મુકાબલો ભલે ઓવરઓલ એકતરફી લાગે પણ એમાયે ૧૧૮ કરવામ પણ ૨૫માં ત્રણ ભાયું તો પેવેલિયનમાં બેસી જ ગયેલા આ તો ભલું થાજો વિરાટભાય કોહલીભાયનું ..!!! આ વિરાટ ઉપર આખો એક લેખ લખાય એવું શાનદાર પ્રદર્શન એણે કરી બતાવ્યું આ વખતે પણ , ધવન રોહિતની નાકામી બહુ નડી બધે ..!!! લગભગ એકલે હાથે ભારતને સેમીમાં લાવનાર વિરાટની આંખોમાં વાનખેડે પર સેમી હાર્યા પછી આવી ગયેલા ઝળઝળિયાંનું દર્દ અને વેદના આપણને નહિ સમજાય...એ ફક્ત એને એકને જ ડંખશે..!

વિરાટની વેદના સમજવા આ આંકડા પણ જોઈ લો ... સેમી પહેલાની ચાર મેચોમાં ઈન્ડિયા ઓપનર્સે ફક્ત ૮૮ રન જ બનાવેલા.. ૨૦-૨૦ કે જેમાં ગુડ સ્ટાર્ટનું બહુ મહત્વ છે એવામાં આપણા ધવન અને રોહિતે લગભગ શૂન્ય જેવું જ યોગદાન આપીને કોહલી અને પછી યુવરાજ અને ધોનીના ખભ્ભે વધુ ભાર મૂકી દીધો. પાવરપ્લેની છ ઓવર કે જેમાં મેક્સીમમ રન્સ બનાવવા જોઈએ ત્યાં પણ ઈન્ડિયા ટીમ વામણી પુરવાર થઈ . સેમી માં પાવરપ્લેનો સ્કોર હતો ૫૫/૦ પણ એ અગાઉના ચાર મેચમાં આપણે ૨૯/૪, ૨૩/૩, ૪૨/૧ અને ૩૭/૨ જ બનાવેલા . બાકી મેચ પૂરો થયા પછી જો અને તો નો વરસાદ વરસતો હોય છે પણ એનું કોઈ મહત્વ નથી હોતું . એ તો દિલ કો બહેલાને કે લિયે ખ્યાલ અચ્છા હૈ જેવું છે . અશ્વિનની બે ઓવર કેમ રહી ગઈ ? ટોસ હાર્યા ત્યારે જ ખબર હતી કે ડ્યુ નડશે તો એ બહાનું શું કામનું ? રહાને હજુ વધુ બાઉન્ડ્રી મારી શકતો હતો ? વગેરે વગેરે ...પણ મારી દ્રષ્ટીએ આ બધા બહાનાની વચ્ચે મહત્વની વાત એ હતી કે વેસ્ટ ઈન્ડીઝ પાસે સ્ટ્રોંગ બેટિંગ લાઈન-અપ હતી . હજુ તો સામી, રામદીન અને બ્રેવો બાકી હતા મેરે ભાઈ ..!!

આગળ કહ્યું એમ અને ભલે તર્ક લાગે પણ હકીકત એ છે કે ૩૧ માર્ચ વેસ્ટ ઈન્ડીઝ ક્રિકેટ ટીમનો દિવસ હતો નહીતર સેમીફાઈનલ ઈનિંગ્સમાં બેટિંગ વખતે ભારતે ૨૬ બોલ ખાલી કાઢેલા અને વેસ્ટ ઈન્ડીઝે ૪૭ - લગભગ ડબલ, છતાયે આખરી પરિણામ આવ્યું ત્યારે હજુ બે બોલ સ્પેર હતા ...!!! અને એનું કારણ હતું વેસ્ટ ઈન્ડીય્ન્સે કરેલું લોંગ એન્ડ હાર્ડ હિટીંગ ..!! આપણી ઈનિંગમાં ૧૭ ચોક્કા અને ૪ જ સિક્સર લાગી જયારે કાળીયાઓએ ૨૦ ચોક્કા અને ૧૧ છક્કા ફટકાર્યા ...!!! ફરક અહિયાં હતો મેરે ભાઈ ...!! ડ્યુ, રહાને ને અશ્વિન કરતા પણ ભારતને ફાઈનલમાં જતા કોઈએ અટકાવ્યું હોય તો ચોક્કસ એ બે નો-બોલે જ અટકાવ્યું ...!!! ઠીક છે કે ક્રિકેટમાં આમ થયું હોત ને તેમ થયું હોત ને કોઈ અવકાશ નથી જ છતાં પણ જો એ બે નો-બોલ નાં હોત તો ચોક્કસ ચિત્ર કૈક જુદું જ હોત અને આ હકીકતનો સ્વીકાર તો મેન ઓફ ધ મેચ સીમ્મોન્સે પણ કર્યો જ ..!! આવી મહત્વની મેચમાં અજાણતા જ બોલર્સથી ઓવર સ્ટેપીંગ થાય એ સમજી શકાય પણ અશ્વિન જેવા

અનુસંધાન પાના નં. ૭ પર

## ક્રોધ - આપણી અંદરનો ૨૧મી સદીનો સૌથી મોટો વાયરસ



મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

વેદો, પુરાણો અને શાસ્ત્રોમાં ક્રોધ વિશે ખૂબ લખાયું છે. દરેક ઋષિમૂનિઓએ, વિદ્વાનોએ, વિચારકોએ અને મહાન માણસોએ પણ ક્રોધ વિશે લખ્યું છે. છતાંય ક્રોધ નામના 'વિલન'ને હરાવવામાં આપણે સૌ નિષ્ફળ ગયા છીએ. 'દૂર્વાસા' નામથી આપણે સૌ પરિચિત છીએ. તેઓ ક્રોધનો પર્યાય હતા. એમના ક્રોધથી સ્વર્ગમાં બધા દેવો પણ ડરતા હતા. જો કે એ સતયુગનો ક્રોધ હતો - સો ટકા શુદ્ધ અને સત્યતા હતી. ક્રોધ મારી દૃષ્ટિએ ત્રણ પ્રકારની વ્યક્તિઓ કરતી હોય છે. ૧. જેઓ સો ટકા સત્ય હોય, ૨. જે સો ટકા અસત્ય હોય, અને ૩. સ્વભાવગત - આજકાલ આ ત્રીજા પ્રકારનો ક્રોધ વધારે જોવા મળે છે. આમ જોઈએ તો ક્રોધ એ શારીરિક - માનસિક રીતે નબળી હોય એવી વ્યક્તિ વધારે કરે છે. અને શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે ''ક્રોધ કોઈપણ વ્યક્તિને શારીરિક - માનસિક રીતે હાનિકારક છે.'' હું આમાં '' સામાજિક '' ઉમેરું છું. સાહિત્યમાં નવરસની અવધારણા થયેલી છે. તેમ આ નવરસના નવ સ્થાયીભાવ પણ છે. ક્રોધ એ રૌદ્રરસનો સ્થાયીભાવ છે. જેને 'મનોવિકાર' પણ ગણવામાં આવે છે. તો વળી ક્રોધને અગ્નિ પણ ગણવામાં આવ્યો છે. એટલે જ જેમ ચિન્તા મનુષ્યના શરીરને બાળી નાખે છે. તેમ ક્રોધાગ્નિ પણ માનવીના શરીરની સાથે તેના અંતરાત્મા, મન અને બુધ્ધિવિવેકને બાળીને ખાક કરી નાખે છે. એટલે જ ક્રોધી મનુષ્ય પહેલા પોતે સળગે અને પછી બીજાને સળગાવે છે.

આમ જોઈએ તો ક્રોધ એ આજના મનુષ્યનો સૌથી મોટો આંતરિક દુશ્મન - વાયરસ છે. એ મનુષ્યના નકારાત્મક, અશુદ્ધ અને અયથાર્થ સંકલ્પોને કારણે મનમાં જન્મે છે. જેને કારણે મનુષ્ય સ્થિતિથી વિપરિત વિચારે છે. સંવાદને સ્થાને વિવાદ પર ઉતરી આવે છે. અને વાતવાતમાં બીજાઓ સાથે ઝગડવાનું શરું કરી દે છે. અને તેથી આગળ ક્યારેક ગાળો આપવી કે મારામારી ઉપર પણ ઉતરી આવે છે. આવો ક્રોધ મોટેભાગે પોતાની કે બીજાની જાનને જોખમમાં નાખી દે છે.

એવું કહેવાય છે કે ક્રોધી વ્યક્તિ મોટેભાગે સ્વભાવથી ચિડિયા હોય છે. તેઓ મનમાં ને મનમાં એક પ્રકારની જલન લઈને ફરતા હોય છે. ઈર્ષા, દ્વેષ, રાગ એ ક્રોધના ખાસ મિત્રો છે. ક્રોધ આ મિત્રોને સાથે લઈને જ ફરતો હોય છે. ક્રોધ વિશે એવું પણ કહેવાય છે કે તે મનુષ્યને માનસિક રીતે ખુબ જ કમજોર કરી નાખે છે. તેના આત્મામાં સહનશક્તિનો ગુણ નથી હોતો. નિર્ણયશક્તિનો અભાવ હોય છે. તેથી આવી વ્યક્તિઓ પહેલું નુકશાન પોતાને જ કરે છે. ક્રોધનો અગ્નિ મનુષ્યના લોહીને બાળી દે છે. જે લોહી બનવામાં દિવસોના દિવસો લાગે છે તે લોહી ક્રોધના ગરમ શ્વાસોને કારણે બહુ જલદી દુષિત થઈ જાય છે. સુક્કુ પડી જાય છે. તેથી વ્યક્તિના વિચારોમાં પણ વિકાર ઉત્પન્ન થાય છે. એ હંમેશાં બીજાનું અહિત કરવાનું જ વિચારે છે. બીજાને ધૃણા અને નફરત કરવા લાગે છે. ઘણી વ્યક્તિ ક્રોધને કારણે એટલી હદે જડ, નિર્દય અને કઠોર બની જાય છે કે નાના બાળકો, માસૂમ ગરીબ લોકો, ઘરમાં નાના ભાઈ બહેનો, ક્યારેક મા-બાપ ઉપર પણ અત્યાચારો કરી બેસે છે. આવા ક્રોધી મનુષ્યને પોલીસની મદદથી સુધારી શકાય છે કેમ કે ક્રોધી મનુષ્ય શાંતિની નહી ભયની ભાષા જલદી સમજે છે. હા, ક્રોધી વ્યક્તિ જો પ્રેમ અને લાગણીની ભાષા સમજે તો સૌ પ્રથમ એને એ રીતે સમજાવવી જોઈએ. એના પ્રત્યે એ રીતે સહાનુભૂતિ રાખવી જોઈએ. કેમ કે ક્રોધી વ્યક્તિનો ક્રોધ જ્યારે ઉતરી જાય છે ત્યારે તેની સ્થિતિ દયનીય હોય છે. એ આખી દુનિયામાં પોતાને સાવ એકલી અનુભવે છે. ઘણી વખત પસ્તાવો થતા આવી વ્યક્તિઓ રડતી પણ હોય છે. તેથી ક્રોધી વ્યક્તિને સમજવી જરૂરી હોય છે.

ઘણી વખત ક્રોધ ઉત્પન્ન થવાના કેટલાક કારણો પણ જવાબદાર હોય છે. ઘરમાં માતા પિતા બાળકો ઉપર ક્રોધ કરે, શિક્ષક વિદ્યાર્થી ઉપર ક્રોધ કરે તો એની પાછળ એમનો આશય શુભ હોય છે. એ ક્રોધ પાછળ પ્રેમ અને લાગણી હોય છે. અને એ ક્રોધ બનાવટી હોય છે તેથી આવા ક્રોધને ઓળખવો પણ જરૂરી બને છે.

ક્રોધ એ ૨૧મી સદીના માનવીનો સૌથી મોટો આંતરિક દુશ્મન છે. કેમ કે આ ૨૧મી સદી એ જ્ઞાન - સંબંધની સદી છે. ક્રોધ આ બન્ને બાબતોને બગાડે છે. મનુષ્યનું વર્ષોનું જ્ઞાન અને સંબંધ ઘણી વખત એક ક્રોધને કારણે છિન્નભિન્ન થઈ જાય છે. ક્રોધને કારણે વ્યક્તિ સાચી હોવા છતાંય ખોટી સાબિત થાય છે. કેમ કે ક્રોધી મનુષ્યનું હૃદય ક્યારેય નિર્મળ, સ્વચ્છ અને પવિત્ર નથી હોતું. એના મનમાં અનેક વિભાવો રાજનીતિ જન્માવતા હોય છે. દ્વેષ - બદલાની ભાવના જન્માવતા હોય છે એટલે જ શાસ્ત્રોમાં લખ્યું છે કે '' ક્રોધી મનુષ્યનો ક્યારેય વિશ્વાસ કરવો નહી '' કેમ કે એનામાં ઈમાનદારીનો સદંતર અભાવ હોય છે. શાસ્ત્રોમાં તો એવું પણ લખ્યું છે કે ક્રોધી મનુષ્યથી ખુશી, સુખ અને શાંતિ જોજનો દૂર ભાગે છે. એમને જીવનની તાજી હવા નથી મળતી. ક્રોધી સ્વભાવને કારણે ઘરમાં પરિવાર સાથે, નોકરી-ધંધામાં સહકર્મચારીઓ સાથે કે મિત્ર વર્તૂળમાં બધાની સાથે કઠોર વ્યવહાર રાખે છે. તેથી સૌનો સાચો પ્રેમ કે લાગણી પામી શકતા નથી. આ ક્રોધની સાથે કામ,લોભ,મોહ અને અહંકાર જેવા ચાર વિકારો ફ્રીમાં મળતા હોય છે. એવું પણ મનાય છે કે ક્રોધી વ્યક્તિ અંદરથી કામૂક વધારે હોય છે. લોભી પણ હોય છે. અને બીજા વિકારોથી જલદી મોહિત થઈ જાય છે. અને નાની નાની વાતોનો મનમાં અહંકાર રાખે છે. આ ચાર વિકારોથી પ્રેરિત મનુષ્ય જ્યારે ક્રોધ કરે છે ત્યારે વ્યક્તિગત, પારિવારિક, સામાજિક રીતે ખુબ મોટા દૂષ્પરિણામો આવે છે. અને એટલે જ ક્રોધી મનુષ્ય હંમેશાં ક્ષમાને પાત્ર હોય છે. કારણ કે ક્રોધ એવી વ્યક્તિમાં જ રહે છે જે માનસિક રીતે નબળાઈ ધરાવે છે. અને આવી વ્યક્તિ પ્રત્યે હંમેશાં સહાનુભૂતિ રાખવી જોઈએ. જ્યારે આપણે જાણતા હોઈએ કે વ્યક્તિ જાણી જોઈને ભૂલ નથી કરતી એ ભૂલની પાછળ ક્રોધ કમ મોહ, લોભ કે અહંકાર જેવા મનોવિકારો કામ કરતા હોય છે. તો આવી વ્યક્તિ તો વિશેષ રીતે દયાને પાત્ર હોય છે. શારિરીક રોગ હોય તો તો ડ્રોકટરને બતાવીને દવા પણ કરી શકાય પણ આ ક્રોધના રોગની તો કોઈ જ દવા ડ્રોકટર પણ આપી શકતા નથી. સ્વયં સમજણ એ જ ક્રોધની પ્રથમ શ્રેષ્ઠ દવા છે. આવી વ્યક્તિઓને સમજીને એમના ક્રોધને પ્રેમથી સહન કરીને માફ જ કરવી જોઈએ બીજો કોઈ વિકલ્પ નથી.

ક્રોધ કરવો એ મનુષ્યની કદાચ સ્વભાવગત ભૂલ છે. પણ ક્રોધ કર્યા પછી કે ક્રોધને જાણ્યા પછી ક્રોધને કાબૂમાં ન કરવો એ મનુષ્યની સૌથી મોટી નબળાઈ છે. કેમ કે જે કાર્ય ક્રોધથી કરીએ કે કરાવીએ છીએ તે જ કાર્ય શાંત ચિત્તે પ્રેમ - લાગણીથી કરી કે કરાવી શકાય છે. જેને કારણે ઘર પરિવારમાં એક વિશ્વાસ પણ ઊભો થાય છે. અને આત્મવિશ્વાસ પણ વધે છે.

ક્રોધ ઉત્પન્ન થવાનું કારણ ઘણી વખત પરિસ્થિતિ પણ હોય છે. સ્વભાવથી વિપરિત પરિસ્થિતિ જ્યારે ઊભી થાય કે ધાર્યું હોય તેનાથી ઉલટું બને કે આપણી ઈચ્છાનુસાર ના થાય, અથવા એક સાથે ઘણા કામો માથે આવી પડે, ત્યારે આપણે ક્રોધ કરતા હોઈએ છીએ. ક્રોધ આવી

અનુસંધાન પાના નં. ૭ પર